RAN-2308002201040003

RAN-2308002201040003

F.Y.B.Com. External Examination March - 2026

Financial Accounting & Accounting For Specific Businesses

Time: Hours] **[Total Marks:**

સૂચના : / Instructions	Seat No.:
(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી. Fill up strictly the above details on your answer book.	Student's Signature

પ્ર. 1 નીચેના જવાબ આપો (કોઈપણ 4) **(20)**

1. નીચેની મિલકતોનું બિન-ચાલુ અને ચાલુ મિલકતો માં વર્ગીકરણ કરોઃ
(i) ફર્નિચર (ii) માર્ગસ્થ માલ (iii) પેટન્ટ્સ (iv) પશુધન (v) દેવાદારો (vi) અગાઉથી મળેલી આવક (vii) બાંયધરી કમિશન (viii) લાયસન્સ (ix) બેંક ઓવરડ્રાફ્ટ (x) બાંધકામ હેઠળનું કામ.

2. લોખંડવાલાની એક ભાગીદારી પેઢીના પાકા સરવૈયાની વિગતો નીચે મુજબ છેઃ
સ્થિર મિલકતો રૂ. 1,00,000, લેણદારો રૂ. 25,000, સ્ટોક રૂ. 31,500, દેવાદારો રૂ. 10,000, સામાન્ય અનામત રૂ. 12,500, સ્થિર મિલકતો પર ઘસારા ફંડ રૂ. 25,000, ચાંદીવાલા લિમિટેડ દ્વારા તમામ મિલકતો અને જવાબદારીઓ સ્વીકારવામાં આવી હતી. જો સ્થિર મિલકતોની બજાર કિંમત ચોપડે કિંમત કરતા 20% વધુ હોય, દેવાદારો પર 10% અનામત રાખવાની હોય અને સ્ટોકની ચોપડે કિંમત તેની બજાર કિંમત કરતા 10% ઓછી હોય, તો ચોખ્ખી મિલકતની પદ્ધતિ દ્વારા ખરીદ કિંમત શોધો.

3. નીચેની વિગતો પરથી 2025-26 માં શાખાને મોકલેલ ફર્નિચરની રકમ શોધોઃ
1-4-2025 ના રોજ ફર્નિચર ખાતાની બાકી રૂ. 28,200 હતી. ફર્નિચર શાખાને 1-10-2024 ના રોજ મળ્યું હતું. 31-3-2026 ના રોજ સીધી લીટીની પદ્ધતિએ 12% લેખે ઘસારો ગણવામાં આવ્યો હતો અને ફર્નિચરની આખર બાકી રૂ. 28,480 હતી. વર્ષ દરમિયાન, 1-1-2026 ના રોજ શાખાને વધારાનું ફર્નિચર મોકલવામાં આવ્યું હતું.

4. ગાયત્રીએ પ્રસાદને 20,000 કિગ્રા ઘી નો જથ્થો રૂ. 18 પ્રતિ લિટરના દરે આડતથી મોકલ્યું. માલ મોકલતી વખતે તેણે રૂ. 20,000 નો ખર્ચ કર્યો. કુદરતી કારણોસર 1,000 કિગ્રા ઘીનું નુકસાન થયું. પ્રસાદે કેટલુંક ઘી રૂ. 28.50 પ્રતિ લિટરના દરે વેચ્યું. તેને વેચાણ પર 10% લેખે રૂ. 32,490 કમિશન મળ્યું. આખર સ્ટોકની કિંમત શોધો અને ગાયત્રીના ચોપડે તેની આમનોંધ લખો.

5. અમરે 1-1-2023 ના રોજ બાબુ પાસેથી ભાડા ખરીદ પદ્ધતિ હેઠળ એક મશીન ખરીદ્યું. રૂ. 30,000 ની કરાર વખતની રકમ ચૂકવવામાં આવી હતી અને બાકીના વાર્ષિક હપ્તાઓ (9% વ્યાજ સહિત) અનુક્રમે રૂ. 51,600; રૂ. 58,900, રૂ. 1,15,300; અને રૂ. 76,300 હતા. મશીન પર ઘટતી જતી બાકીની પદ્ધતિએ 10% ઘસારો ગણાય છે. 31-12-2025 ના રોજ પૂરા થતા વર્ષનો ઘસારો રૂ. 21,870 છે. રોકડ કિંમત અને દરેક હપ્તામાં સમાયેલ વ્યાજ શોધો.

પ્ર. 2 વૈભવ અને આયુષ 2:1 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. 31-12-2025 ના રોજનું પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું : **(15)**

પાકું સરવૈયું

જવાબદારીઓ	રકમ	મિલકતો		રકમ
વૈભવની મૂડી	2,52,000	જમીન અને મકાન		1,59,600
આયુષની મૂડી	84,000	યંત્ર		79,800
સામાન્ય અનામત	1,38,600	સ્ટોક		1,05,000
લેણદારો	1,21,800	દેવાદારો	1,47,000	
દેવી હૂંડી	42,000	ઘાલખાદ અનામત	-21,000	1,26,000
પ્રોવિડન્ટ ફંડ	80,000	રોકાણો		1,65,000
		લેણી હૂંડી		50,400
		અગાઉથી ચૂકવેલ વીમો		20,000
		રોકડ		12,600
	7,18,400			**7,18,400**

પેઢીનો ધંધો ખરીદવા માટે વિરાટ લિમિટેડની સ્થાપના કરવામાં આવી હતી. શરતો નીચે મુજબ હતી :

(1) પેઢીની પાઘડીની કિંમત રૂ. 84,000 નક્કી કરવામાં આવી.

(2) કંપનીએ રોકડ સિવાયની મિલકતો નીચેની કિંમતે લીધીઃ

જમીન અને મકાન	રૂ. 2,01,600;
સ્ટોક	રૂ. 84,000
દેવાદારો	રૂ. 1,05,000
યંત્ર	રૂ. 75,600

(3) પેઢીના વિસર્જન ખર્ચના રૂ. 4,200 થયા.

(4) અન્ય વાસ્તવિક મિલકતો ચોપડે કિંમતે લેવાની છે.

(5) કંપનીએ તમામ જવાબદારીઓ ચૂકવવાનું સ્વીકાર્યું.

(6) કંપની રૂ. 10 ના 25,200 ઈક્વિટી શેર 20% પ્રીમિયમે અને રૂ. 1,63,800 ના 12% ના ડિબેન્ચર અને બાકીની રકમ રોકડમાં આપવા સંમત થઈ.

(7) કંપનીના શેર અને ડિબેન્ચર ભાગીદારો વચ્ચે નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવા, તફાવત રોકડમાં સમાયોજિત કરવો.

પેઢીના ચોપડે જરૂરી ખાતા તૈયાર કરો.

અથવા

પ્ર. 2 રિઝવાન લિમિટેડની નીચેની ખાતાની બાકીઓ પરથી કંપની ધારા 2013 ના પરિશિષ્ટ III મુજબ 31 માર્ચ 2025 ના રોજનું કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરો.

પ્લાન્ટ અને મશીનરી	6,00,000
સ્થાવર મિલકત	10,00,000
8% ના ડિબેન્ચર	8,00,000
જાહેર થાપણો	5,00,000
કર્મચારી પ્રોવિડન્ટ ફંડ	1,30,000
કરવેરાની જોગવાઈ	1,80,000
જામીનગીરી પ્રીમિયમ	80,000

હાથ પરના ડ્રાફ્ટ્સ	5,00,000
બેંકમાં રોકડ	34,000
લેણી હૂંડી	2,40,000
રૂ. 100 નો એક એવા 24,000 પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર (રૂ. 50 મંગાવેલ)	12,00,000
શેર બહાર પાડવાનું દલાલી ખર્ચ	1,10,000
પરચુરણ લેણદારો	1,16,000
બેંક ઓવરડ્રાફ્ટ	1,50,000
મેનેજરને લોન	70,000
સિક્યુરિટી ડિપોઝિટ	1,24,000
ICICI બેંકમાં થાપણો (5 વર્ષ માટે)	1,98,000
ટ્રેડમાર્ક્સ	1,80,000
અગાઉથી ચૂકવેલ વીમો	1,00,000

પ્ર. 3 મુંબઈના મિલિંદે 1-4-2025 ના રોજ રૂ. 10,000 ની ભરતિયા કિંમતે 20 કોમ્પ્યુટર રૂપાને આડતથી મોકલ્યા. **(15)**

ભરતિયા કિંમત, પડતર કિંમત પર 25% નફો ઉમેરીને નક્કી કરવામાં આવી છે. મિલિંદે માલ મોકલતી વખતે નૂર અને વીમા માટે રૂ. 2,000 ચૂકવ્યા.

1-4-2025 ના રોજ મિલિંદે રૂપા પર 4 મહિનાની હૂંડી લખી, જે રૂપાએ સ્વીકારીને તરત જ પરત કરી. 1-5-2025 ના રોજ મિલિંદે વાર્ષિક 12% ના દરે બેંકમાં આ હૂંડી વટાવી રૂ. 97,000 મેળવ્યા.

રૂપા 5% સામાન્ય કમિશન અને 2% આસામી આડત મેળવવા હકદાર છે. આ ઉપરાંત, તેને ચોખ્ખા નફામાં 10% હિસ્સો પણ આપવામાં આવે છે. 31-3-2026 ના રોજ રૂપાએ વેચાણ આંકડો અને બાકી નીકળતી રકમ માટે બેંક ડ્રાફ્ટ મોકલ્યો.

વેચાણ આંકડામાં એવું જણાવવામાં આવ્યું હતું કે;

(1) તેણે ઓક્ટ્રોય માટે રૂ. 800, વીમા પ્રીમિયમ માટે રૂ. 1,200 અને જાહેરાત માટે રૂ. 3,000 ચૂકવ્યા.

(2) તેણે 50% કોમ્પ્યુટર ભરતિયા કિંમત પર 10% નફાથી રોકડેથી વેચ્યા.

(3) તેણે 25% કોમ્પ્યુટર ભરતિયા કિંમત પર 20% નફાથી પ્રીતિને ઉધાર વેચ્યા.

(4) પ્રીતિ નાદાર જાહેર થઈ અને તેની પાસેથી આખરી ડિવિડન્ડ તરીકે રૂપિયામાં માત્ર 80 પૈસા વસૂલ કરી શકાયા.

(5) બાકીના કોમ્પ્યુટરમાંથી 20% રૂપાના ગોડાઉનમાં આગ લાગવાને કારણે સંપૂર્ણપણે નાશ પામ્યા અને વીમા કંપનીએ રૂ. 7,500 નો દાવો મંજૂર કર્યો.

(6) બાકીના કોમ્પ્યુટરમાંથી 50% નુકસાન પામ્યા હતા અને દરેક કોમ્પ્યુટરના સમારકામનો ખર્ચ રૂ. 650 અંદાજવામાં આવ્યો છે.

મિલિંદના ચોપડે આડત માલ ખાતું અને રૂપાનું ખાતું તૈયાર કરો.

અથવા

પ્ર. 3 નીચેનાના જવાબ આપો:

(a) નાણાકીય માપનો ખ્યાલ અને રૂઢીચુસ્તતાનો ખ્યાલ સમજાવો. **(7)**

(b) AS-2, સ્ટોકનું મૂલ્યાંકન સમજાવો. **(8)**

પ્ર. 4 રામ અને કૃષ્ણા $4\frac{8}{3} : 2\frac{4}{3}$ ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચવાની શરતે સંયુક્ત સાહસમાં જોડાયા. **(15)**

ભાગીદારો વચ્ચે એવી સંમતિ થઈ હતી કે સંયુક્ત સાહસના ખર્ચ દરેક ભાગીદાર દ્વારા તેમના ખાનગી ભંડોળમાંથી ચૂકવવામાં આવશે. જ્યારે ખરીદી અને વેચાણ માટે સંયુક્ત બેંક ખાતાનો ઉપયોગ કરવામાં આવશે. દરેક ભાગીદારને તેના દ્વારા કરવામાં આવેલા વેચાણ પર 5% કમિશન મળશે.
તેમના વ્યવહારો નીચે મુજબ હતાઃ

1) રામે તાંબુ અને કૃષ્ણાએ ચાંદી તેમના નફા વહેંચણીના પ્રમાણમાં ખરીદ્યા.
2) રામે સંયુક્ત બેંક ખાતામાં રૂ. 1,11,111 જમા કરાવ્યા અને કૃષ્ણાએ નફા-નુકસાનના પ્રમાણમાં રકમ જમા કરાવી.
3) રામે જાહેરાત ખર્ચ રૂ. 3,000; સેલ્સમેનનો પગાર રૂ. 5,000 અને વહીવટી ખર્ચ રૂ. 2,000 ચૂકવ્યા.
4) કૃષ્ણાએ મજૂરી રૂ. 1,000; વીમો રૂ. 500 અને ભાડું રૂ. 1,000 ચૂકવ્યા.
5) રામે 80% તાંબુ પડતર કિંમત પર 50% નફા સાથે વેચ્યું જ્યારે કૃષ્ણાએ 80% ચાંદી તે જ નફાના દરે વેચ્યું.
6) કુલ નફો કુલ વેચાણના 20% હતો.
7) બાકીનું તાંબુ અને ચાંદી રામ અને કૃષ્ણાએ અનુક્રમે પડતર કિંમતે લઈ લીધું. જરૂરી ખાતા તૈયાર કરો.

અથવા

પ્ર. 4 1-4-2024 ના રોજ સોહરાબ અને રુસ્તમે ઈલેક્ટ્રોનિક એકમો ખરીદવા અને વેચવા માટે 9:6 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચવા માટે સંયુક્ત સાહસ કર્યું.

1-5-2024 ના રોજ રુસ્તમે રૂ. 52,000 ના દરે કેટલાક એકમો ખરીદ્યા અને તેમાંથી 120 સોહરાબને મોકલ્યા. તેણે નૂર અને વીમા માટે રૂ. 18,50,000 ચૂકવ્યા. માર્ગમાં 10% એકમોને નુકસાન થયું અને વીમા કંપનીએ રૂ. 1,25,000 ચૂકવ્યા. 16-6-2024 ના રોજ સોહરાબે રુસ્તમને રૂ. 3,52,500 મોકલ્યા.

16-6-2024 ના રોજ સોહરાબે રૂ. 55,000 ના દરે કેટલાક એકમો ખરીદ્યા અને તેમાંથી 50 રુસ્તમને મોકલ્યા, જેમાં નૂર અને વીમા ખર્ચના રૂ. 7,50,000 થયા.

15-7-2024 ના રોજ, 9 નુકસાન પામેલા એકમો સોહરાબે વ્યક્તિગત ઉપયોગ માટે રૂ. 25,000 ની સંમત કિંમતે લીધા અને બાકીના ગ્રાહકોને ભેટ તરીકે મફત વહેંચ્યા.

16-8-2024 ના રોજ સોહરાબ અને રુસ્તમ બંનેએ પોતપોતાના કબજામાં રહેલા અનુક્રમે 208 અને 230 એકમો રૂ. 60,000 ના દરે વેચી દીધા.

31-8-2024 ના રોજ સાહસ બંધ કરવામાં આવ્યું અને ખાતાઓની પતાવટ બેંક ડ્રાફ્ટ દ્વારા કરવામાં આવી.
ઉપરની વિગતો પરથી સોહરાબના ચોપડે સંયુક્ત સાહસ ખાતું અને રુસ્તમનું ખાતું તૈયાર કરો.

પ્ર. 5 નડિયાદના વિવાનની સુરતમાં એક શાખા છે. **(15)**
તમામ માલ શાખાને પડતર પર 20% નફો ઉમેરીને ભરતિયા કિંમતે મોકલવામાં આવે છે. શાખા મુખ્ય ઓફિસને દરરોજ રોકડ મોકલે છે. શાખાના તમામ ખર્ચ મુખ્ય ઓફિસ દ્વારા ચૂકવવામાં આવે છે પરંતુ પરચુરણ ખર્ચ માટે મુખ્ય ઓફિસ શાખાને રોકડ મોકલે છે. 31-3-2026 ના રોજ પૂરા થતા વર્ષ માટે શાખાની નીચેની માહિતી ઉપલબ્ધ છેઃ

વિગત	રકમ	વિગત	રકમ
સ્ટોક (31-3-2025)	45,000	ઉધાર વેચાણ	2,17,500
સ્ટોક (31-3-2026)	36,000	વેચાણ પરત	1,500
દેવાદારો (31-3-2026)	67,500	ગ્રાહકોને વટાવ	2,500
દેવાદારો (31-3-2025)	60,000	પરચુરણ ખર્ચ માટે શાખાને મોકલેલ રોકડ	1,800
પરચુરણ રોકડ (31-3-2025)	600	શાખા દ્વારા થયેલ પરચુરણ ખર્ચ	1,400
ફર્નિચર (31-3-2025)	70,000	મુખ્ય ઓફિસ દ્વારા ચૂકવેલ શાખાનું ભાડું	8,000
શાખાને મોકલેલ માલ	1,39,500	શાખાના સ્ટાફનો પગાર	10,000
મુખ્ય ઓફિસને પરત કરેલ માલ	6,000	સ્ટાફને બોનસ	3,000
શાખા દ્વારા માંડી વાળેલ ઘાલખાદ	1,000	ઓક્ટ્રોય	2,500
કુલ વેચાણ	2,27,500		

ફર્નિચર પર વાર્ષિક 10% લેખે ઘસારો ગણવાનો છે. મુખ્ય ઓફિસના ચોપડે શાખા ખાતું, શાખા વેપાર અને નફા-નુકસાન ખાતું. શાખાના દેવાદારોનું ખાતું અને શાખા પરચુરણ રોકડ ખાતું તૈયાર કરો.

અથવા

પ્ર. 5 1-1-2025 ના રોજ, જેઠાલાલે દયા પાસેથી ભાડા ખરીદ પદ્ધતિથી એક રહેણાંક ફ્લેટ ખરીદ્યો. તેણે રોકડ કિંમતના 25% ડાઉન પેમેન્ટ તરીકે ચૂકવ્યા. હપ્તાઓ નીચેની તારીખોએ આ મુજબ ચૂકવવામાં આવ્યા હતાઃ

30-4-2025 ના રોજ રૂ. 18,12,888; 30-9-2025 ના રોજ રૂ. 17,87,940.

ત્રીજો અને અંતિમ હપ્તો 31-12-2025 ના રોજ રૂ. 17,00,622 નો ચૂકવવામાં આવ્યો હતો જેમાં વ્યાજ રૂ. 37,422 હતું. તમામ હપ્તાઓમાં રોકડ કિંમત પેટે ચૂકવાયેલી રકમ એકસમાન છે. વ્યાજનો દર શોધો. જેઠાલાલના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો અને દયાના ચોપડે જેઠાલાલનું ખાતું અને વ્યાજ ખાતું તૈયાર કરો.

પ્ર. 6 નીચેના જવાબ આપો. (કોઈપણ 4) **(20)**

1. પાકું સરવૈયું તૈયાર કરવાના હેતુઓ સમજાવો.
2. ખરીદ કિંમત એટલે શું? ખરીદ કિંમત શોધવાની પદ્ધતિઓ સમજાવો.
3. શાખા હિસાબોમાં નફો શોધવાની સ્ટોક અને દેવાદારોની પદ્ધતિની ચર્ચા કરો.
4. આસામી આડત પર નોંધ લખો. ઉદાહરણની મદદથી તેની ગણતરી સમજાવો.
5. સંયુક્ત સાહસ અને ભાગીદારી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
6. ભાડા ખરીદ અને હપ્તા પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

ENGLISH VERSION

Q. 1 Answer the following : (Any 4) **(20)**

1. Classify the following Assets into Non-current and Current Assets.

   (i) Furniture (ii) Goods-in-transit (iii) Patents (iv) Livestock (v) Debtors (vi) Income received in advance (vii) Underwriting Commission (viii) Licence (ix) Bank Overdraft (x) Construction work-in-progress

2. The following are the extracts of a Balance sheet of a Partnership firm of Lokhandwala.

   Fixed assets Rs. 1,00,000, Creditors Rs. 25,000, Stock Rs. 31,500, Debtors Rs. 10,000, General Reserve Rs. 12,500, Depreciation fund on Fixed Assets Rs. 25,000. All the assets and liabilities were taken over by Chandiwala Ltd. Find the Purchase consideration by the net assets method if the Market value of fixed assets is 20% more than the book value, 10% reserves are provided on Debtors and Book value of Stock is 10% less than its Market value.

3. From the following details find the amount of furniture sent to the branch in 2025-26. The balance of Furniture account on 1-4-2025 was Rs. 28,200 which was received by the branch on 1-10-2024. On 31-3-2026 depreciation was charged at 12% on the straight line method and the closing balance of furniture was Rs. 28,480. During the year, on 1-1-2026 some additional furniture was sent to the branch.

4. Gayatri consigned 20,000 kgs of ghee to Prasad at the rate of Rs. 18 per litre. While sending the goods she incurred expenses of Rs. 20,000. 1,000 kgs of ghee was lost due to natural causes. Prasad sold some ghee for Rs. 28.50 per litre. He got a commission of Rs. 32,490 at the rate of 10% on sales. Find the value of Closing stock and pass its journal entry in the books of Gayatri.

5. Amar purchased a Machine from Babu on 1-1-2023 under the Hire Purchase system. The signing amount of Rs. 30,000 was paid and the remaining yearly installments including 9% interest per annum were Rs. 51,600; Rs. 58,900; Rs. 1,15,300; and Rs. 76,300 respectively. The machine is depreciated at 10% on the diminishing balance method. Depreciation for the year ending on 31-12-2025 is Rs. 21,870. Find the cash price and the interest included in each installment.

Q. 2 Vaibhav and Ayush are partners in a firm sharing profits and losses in the ratio of 2:1 respectively. The balance sheet of the firm as on 31-12-2025 was as follows **(15)**

Balance Sheet

Liabilities	Amount	Assets		Amount
Vaibhav's Capital	2,52,000	Land and Building		1,59,600
Ayush's Capital	84,000	Machineries		79,800
General Reserve	1,38,600	Stock		1,05,000
Creditors	1,21,800	Debtors	1,47,000	
Bills Payable	42,000	Bad Debts Reserve	-21,000	1,26,000
Provident fund	80,000	Investments		1,65,000

		Bills Receivable Pre-paid Insurance Cash	50,400 20,000 12,600
	7,18,400		**7,18,400**

Virat Ltd. was incorporated to purchase business of the firm. The conditions were as under:

(1) Goodwill of the firm to be valued at Rs. 84,000

(2) The company took the assets except cash at the values given below:

Assets	Amount
Land and Building	2,01,600
Stock	84,000
Debtors	1,05,000
Machineries	75,600

(3) Dissolution expenses of the firm were Rs. 4,200

(4) Other real assets are to be taken over at book values

(5) The company agreed to pay all the liabilities.

(6) The company agreed to pay 25,200 equity shares of Rs. 10 each at 20% premium and 12% Debentures of Rs. 1,63,800 and the balance in cash.

(7) The shares and debentures of the company to be distributed among the partners in the profit sharing ratio, difference is adjusted in cash.

Prepare all the necessary accounts in the books of the firm.

OR

Q. 2 From the following Ledger balances of Rizwaan Ltd., prepare the Balance Sheet of the company as on 31 March 2025 as per Schedule III of the Companies Act, 2013. **(15)**

Particulars	**Rs.**
Plant & machinery	6,00,000
Immovable property	10,00,000
8% Debenture	8,00,000
Public deposit	5,00,000
Employee's provident Fund	1,30,000
Provision for taxation	1,80,000
Securities premium	80,000
Drafts on hand	5,00,000
Cash at bank	34,000
Bills Receivable	2,40,000
24000 fully paid Equity shares of Rs.100 each Rs. 50 called up	12,00,000
Brokerage on issue of shares	1,10,000

Sundry Creditors	1,16,000
Bank overdraft	1,50,000
Loan to Manager	70,000
Security Deposit	1,24,000
Deposits with ICICI Bank(5 years)	1,98,000
Trademarks	1,80,000
Prepaid insurance	1,00,000

Q. 3 Milind of Mumbai consigned 20 Computers on 1-4-2025 to Rupa at an invoice price of Rs. 10,000 each. The invoice price is arrived at by adding 25% profit on cost price. Milind paid Rs. 2,000 for freight and insurance, while sending the goods. **(15)**

On 1-4-2025 Milind drew a bill of 4 months on Rupa, which was immediately returned by the latter duly accepted. On 1-5-2025 Milind discounted this bill and got Rs. 97,000 from the bank at the rate of 12% discount per annum.

Rupa is entitled to get 5% general commission and 2% del credere commission. In addition to this, she is also given 10% of net profit as a share in profit.

On 31-3-2026 Rupa sent account sales and a bank draft for the amount due from her. It was reported in the account sales that

(1) She paid Rs. 800 for octroi, Rs. 1,200 for insurance premium and Rs. 3,000 for advertisement.

(2) She sold 50% Computers at a Profit of 10% on invoice price for cash.

(3) She sold 25% Computers at a profit of 20% on invoice price to Preeti on credit.

(4) Preeti was declared insolvent and only 80 paise in a rupee could be recovered from her as a final dividend.

(5) Out of the remaining Computers 20% were completely destroyed due to fire, which took place in the godown of Rupa and the insurance company admitted a claim of Rs. 7,500.

(6) Out of the remaining Computers 50% were damaged and repairing charges are estimated at Rs. 650 for each computer.

Prepare the Consignment account and Rupa Account in the books of Milind.

OR

Q. 3 **Answer the following**

(a) Explain Money Measurement and Conservatism Concept. **(07)**

(b) Explain AS-2, Valuation of inventories. **(08)**

Q. 4 Ram and Krishna entered into a joint venture with the condition of sharing profits and losses in the ratio of $4\frac{8}{3} : 2\frac{4}{3}$ respectively. It was agreed between the partners **(15)**

that while joint venture expenses should be paid by each partner out of their private funds, the joint bank account shall be used for purchase and sale.

Each partner is to receive a commission at 5% on sales affected by him. Their transactions were as follows:

1) Ram purchased Copper and Krishna purchased Silver in their profit sharing ratio.
2) Ram deposited Rs. 1,11,111 in their joint bank account and Krishna deposited the amount as per the proportion in their profit-loss ratio.
3) Ram paid advertisement expense of Rs. 3,000; salesman salary of Rs. 5,000 and administration expense of Rs. 2,000.
4) Krishna paid wages of Rs. 1,000; insurance of Rs. 500 and rent of Rs. 1,000.
5) Ram sold 80% Copper at 50% profit on cost price while Krishna sold 80% Silver at same profit rate.
6) Total profit was 20% of total sales.
7) Remaining Copper and Silver were taken over by Ram and Krishna respectively at cost price.

Prepare necessary accounts.

OR

Q. 4 On 1-4-2024 Sohraab and Rustom entered into a joint venture to buy and sell electronic units, they agreed to share profits and losses in the ratio of 9: 6. On 1-5-2024 Rustom purchased some units at Rs. 52,000 each and sent 120 of them to Sohraab. He paid Rs. 18,50,000 for freight and insurance. In transit 10% of the units were damaged and the insurance company paid Rs. 1,25,000. On 16-6-2024 Sohraab made a remittance of Rs. 3,52,500 to Rustom. **(15)**

On 16-6-2024 Sohraab purchased some units at Rs. 55,000 each and sent 50 of them to Rustom, incurring Rs. 7,50,000 as freight and insurance charges.

On 15-7-2024, 9 damaged units were taken over by Sohraab for personal use at an agreed price of Rs. 25,000 each and distributed the remaining free of cost amongst the customers as gifts.

On 16-8-2024 both Sohraab and Rustom disposed off all the units in their possession respectively 208 and 230 units at Rs. 60,000 each.

On 31-8-2024 the venture was closed and the accounts were settled by bank draft.

From the above details prepare the Joint venture account and Rustom's account in the books of Sohraab.

Q. 5 Vivaan of Nadiad has a branch at Surat. All the goods are sent to the Branch at an invoice price of cost plus 20%. The branch sends daily cash to the Head office. All the expenses of the branch are paid by the Head office but for petty expenses the **(15)**

Head office sends cash to the branch. The following information is available from the branch for the year ending on 31-3-2026.

Particulars	Amount
Stock (31-3-2025)	45,000
Stock (31-3-2026)	36,000
Debtors (31-3-2026)	67,500
Debtors (31-3-2025)	60,000
Petty Cash (31-3-2025)	600
Furniture (31-3-2025)	70,000
Goods sent to branch	1,39,500
Goods returned to Head office	6,000
Bad debts written off by Branch	1,000
Total Sales	2, 27,500
Credit Sales	2,17,500
Sales Return	1,500
Discount to Customers	2,500
Cash sent to Branch for petty expenses	1,800
Petty expenses by branch	1,400
Rent of branch paid by Head Office	8,000
Salary of branch staff	10,000
Bonus to staff	3,000
Octroi	2,500
Depreciation on Furniture is to be provided at 10% per annum.	

Prepare the Branch account, Branch Trading and P&L account, Branch Debtors account and Branch Petty cash account in the books of Head Office.

OR

Q. 5 On 1-1-2025, Jethalal purchased from Daya a residential flat on hire purchase system. **(15)**

He paid 25% of the cash price as a down payment. Instalments were paid as follows on the following dates.

On 30-4-2025 Rs. 18,12,888; On 30-9-2025 Rs. 17,87,940

The third and the final instalment was paid on 31-12-2025 which was of Rs. 17,00,622 in which the interest was of Rs. 37,422. The cash paid towards the cash price in all the installments is the same.

Find the rate of interest charged.

Pass the necessary journal entries in the books of Jethalal and prepare Jethalal's Account and Interest account in the books of Daya.

Q. 6 Answer the following (Any 4) **(20)**

1. Explain the objectives of preparing the balance sheet.
2. What is purchase consideration? Explain the methods of finding purchase consideration.
3. Discuss the stock and debtors method of finding the profit in branch account.
4. Write a note on del credere commission. Explain its calculation with the help of an example.
5. Differentiate between Joint venture and partnership.
6. Differentiate between Hire purchase and installment system

---